॥ સ્વામિશ્રીજી ॥





સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમ ૬ : 'વિવેકી-અવિવેકીનું'નું નિરૂપણ**
**૧૧ નવેમ્બર ૨૦૨૫, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.**

**ગઢડા** પ્રથમનું ૩, પ્રથમનું ૬, પ્રથમનું ૧૬-જેવાં પાંચ-સાત મિનિટમાં વંચાઈ જાય એવાં વચનામૃતને બાપા 'બપોરિયાં વચનામૃત' કહેતા. યોગીજી મહારાજ બહુ રેગ્યુલર હતા. મોટે ભાગે યોગીબાપાની દિનચર્યા નિયમિત રહેતી. સવારમાં ૫:૦૦ વાગ્યે બાપા આંખ ખોલી પથારીમાંથી બેઠા થાય, ત્યારે સેવક માધવચરણદાસ સ્વામી જાગતા જ હોય. બાપા હંમેશાં મચ્છરદાનીમાં સૂતા, એટલે મચ્છરદાની ખસેડી લે પછી બાપા જેવા બેઠા થાય એટલે તરત માધવચરણદાસ સ્વામી અક્ષરપુરુષોત્તમની મૂર્તિ હાથમાં આપે, જેનાં બાપા દર્શન કરે. પલંગમાં જ તકિયા ગોઠવી બાપાને બિરાજમાન કરે પછી રૂમનો દરવાજો ખોલે એટલે ભક્તો-સંતો અંદર જઈને બાપાની આજુબાજુ બેસી જાય. બાપા ૫:૩૦થી ૬:૦૦-અડધો કલાક વાતો કરી ખૂબ આનંદ કરાવતા. પછી એમની દિનચર્યા માટે જાય. દાતણ કરે, ન્હાય, પછી પૂજા કરે. પૂજામાં બધા બેસે. પછી ઉકાળા-પાણીમાં સંતો-ભક્તોને સાથે રાખે. બાપા કોઈ દિવસ એકલા બેઠા નથી.

બાપા ગોંડલ હોય ત્યારે ન્હાઈ-ધોઈ, પહેલાં અક્ષરદેરીમાં દર્શન કરવા આવે. બાપા પૂજા અક્ષરદેરીમાં જ કરતા. અક્ષરદેરીમાં થાંભલા આગળ બાપાની પૂજા ગોઠવી હોય ત્યાં બાપા પૂજા કરે. પોતે પ્રદક્ષિણા કરે, પૂજામાં એક પગે ઊભા રહી માળા કરે, પાંચ દંડવત્ કરે. ધૂન કરાવે, આશીર્વાદ આપે પછી અક્ષરદેરીની પ્રદક્ષિણા કરે. પછી સભામંડપની બાજુમાં બાપાની રૂમની પાછળ પરસાળ હતી ત્યાં બાપા ઉકાળા-પાણી કરે એટલે પ્રમુખ સ્વામી, મહંત સ્વામી ને થોડા સંતો ને વડીલ હરિભક્તો-મહેમાનો આવ્યા હોય, એ બધા બાપા સાથે બેસે. આ સમયે પણ બાપા-પ્રમુખસ્વામી બંને બધાને ખૂબ જ આનંદમાં તરબોળ કરી દેતા.

બાપાનું ખાવાનું બધું ફીક્કું-મરચું, મીઠું ના હોય. મોટે ભાગે દૂધીનું જ હોય. એક પ્રસંગની વાત કરું. અહીં વલ્લભવિદ્યાનગરમાં નાના બજાર પાસે ભીખુભાઈએ બંગલો કર્યો હતો, એના વાસ્તુમાં સાંજે એ બંગલામાં ઉકાળા-પાણી રાખ્યાં હતાં અને પછી વી. પી. સાયન્સના હૉલમાં બાપાની સભા રાખી હતી. બાપા અંદર રૂમમાં ઉકાળા-પાણી કરતા હતા એટલે અમે-અશ્વિનભાઈ, શાંતિભાઈ, વી.એસ. ને બધા બહાર ઊભા હતા. બાપાએ સેવકને મોકલ્યો અને મને અંદર બોલાવ્યો. પછી મને બાજુમાં બેસાડ્યો. ઉકાળા-પાણી થતાં હોય ત્યાં પતરાળાં હોય કાં છાપાંના ટુકડા હોય. છાપું હોય એના ટુકડા પાડીને મૂકી દેવાના એ ડીશ. મારી આગળ છાપાંનો ટુકડો મૂક્યો. પછી બાપાએ એમની થાળીમાંથી મને થેપલું અને થોડું શાક આપ્યું. મેં ખાધું તો કોઈ ટૅસ્ટ જ નહીં. આપણે પાછો સુહૃદભાવ રાખીએ એટલે થયું કે બહાર જઈ બધાને પ્રસાદ આપીશું. પણ બાપા અંતર્યામી પુરુષ એટલે સમજી ગયા કે, આ યુવાનને સ્વાદ નથી આવ્યો. પ્રસાદ તરીકે લીધું પણ પ્રસાદનું બાપા જેવું તો માહાત્મ્ય જ નહીં આપણને. નહીં તો ઓહોહો... ધન્ય ભાગ્ય ! ધન્ય ઘડી ! થવું જોઈએ.

યોગીજી મહારાજને કેટલું માહાત્મ્ય ! એની સામે આપણે જોઈએ તો આપણે કુચ્ચા જેવા લાગીએ. સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજ સાથે હતા ત્યારે ડંકો બને, એમાં બીજું તો કંઈ હોય નહીં, રોટલા હોય એને છાશમાં વઘારી નાખે. એનો શું સ્વાદ આવે ? કોઈ હરિભક્તે પૂછ્યું કે, 'બાપા ડંકામાં શું સ્વાદ આવે ?' એમાં એક તો જાપુડી છાશ હોય. આપુડી, બાપુડી ને જાપુડી છાશ-આપુડી છાશ એટલે પોતાના ઘર માટે કાઢી લે, પછી પાણી ઉમેરે એ બાપુડી છાશ જે કુટુંબવાળાને આપે અને એમાં વધારે પાણી ઉમેરે એ જનતા છાશ-જાપુડી છાશ. મંદિરવાળાને એ જનતા છાશ

મળે. એ છાશમાં કંઈ સ્વાદ ના હોય. અને મંદિરમાં મરી-મસાલા તો હતા નહીં, મીઠા સિવાય કાંઈ ના મળે. તો બાપા તમને સ્વાદ શેનો આવે ? તો બાપા કહે, 'ઓહોહો ! શાસ્ત્રીજી મહારાજની મૂર્તિનો !' આમ બોલે ત્યારે બાપાનું મોઢું ફૂલી જાય. જ્યારે આપણે તો બાપા જોડે બેઠા હોઈએ તોય કંઈ થાય નહીં. ત્યારે થાય કે ખરેખર યોગીજી મહારાજને કેટલું માહાત્મ્ય હતું ! બાપા મને કહે, 'તારે જ ખાઈ જવાનું, પૂરું કરીને જવાનું.'

ઉકાળા-પાણી કરવા બધા બેઠા હોય ત્યારે ઉકાળા-પાણી કરતા કરતા બાપા આનંદ કરાવે. પછી પૂછે, 'બોલો કાલે શું કરી આવ્યા ? ક્યાં જઈ આવ્યા ?' બધા ભક્તોનાં ગુણગાન ને મહિમા ગવડાવે. ઉકાળા-પાણી કરીને પછી બાપા રસોડામાં વિઝિટ કરે. ત્યાં બધે ફરીને અડધો કલાક પછી સભામાં આવે. ૧૨ વાગ્યા સુધી સભા ચાલે, પછી જમવાનું. એક વાગ્યે પાછા સભામાં આવે. જમ્યા પછી બાપા એકથી દોઢ સભામાં બેસે ત્યારે 'વચનામૃત' વાંચવાનું. શ્રી સ્વામિનારાયણ ભગવાનનું વરદાન છે, મંદિરમાં તાવડો, તગારું ને નગારું ચાલુ જ હોય. કોઈની ને કોઈની રસોઈ હોય એટલે મિષ્ટાન્ન હોય. એટલે જમ્યા પછી કથા વધારે ચાલે તો બધા ઝોકાં મારે. એટલે બાપા બપોરની કથા અડધો કલાક રાખે. 'વચનામૃત' વાંચવાનું થાય એટલે કહે, 'બપોરિયું કાઢો.' એટલે પ્રથમનું ૩, ૬, ૧૬ એવાં ટૂંકાં ટૂંકાં 'વચનામૃત' ૧૦-૧૫ મિનિટમાં પતી જાય. પછી બાપા થોડો આનંદ કરાવે. પછી દોઢ વાગ્યે બાપા આરામમાં જતા રહે.

બરાબર ૩ વાગ્યે બાપા ઊઠે. રૂમમાં થોડું ધ્યાન કરે પછી સાડા ત્રણ વાગ્યે અક્ષરમંદિરમાં આવે. ચાર વાગ્યે શ્રી ઠાકોરજીનું ઉત્થાપન થાય ત્યાં સુધી બાપા અક્ષરદેરીમાં મંદિરની સામે જ પલાંઠી વાળીને બેસી જાય, ધ્યાન કરે. ચાર વાગ્યે અક્ષરદેરીનાં દર્શન થાય પછી પ્રદક્ષિણા કરે. પછી બાપા જુદી જુદી જગ્યાએ સભા રાખે. ઘાટ ઉપર રાખે, ખાનદેશી પરષોત્તમ ભગતના ઓટે સભા હોય; સભા થાય એવી ચાર-પાંચ જગ્યાઓ હતી. બાપા સવારે અમને કહી દે કે, 'આજે સાંજે આપણે ઘાટ પર સભા કરીશું.' એટલે અમારી બધી સેના ઘાટ સાફ કરી ધોઈ નાખે ને સાંજે સભા માટે તૈયાર કરી દે. બાપા કહે કે, 'આજે સાંજે ખાનદેશી પરષોત્તમભગતના ઓટે સભા રાખો.' અત્યારે તો ત્યાં સભાખંડ થઈ ગયો છે. એ બાજુ બધાં ખેતરો હતાં. ત્યાં ખાનદેશી પરષોત્તમભગતનો ઓટો હતો. ત્યાં રણછોડ ભગત અને પરષોત્તમ સ્વામી સભા કરતા હતા. એ ઓટે જઈએ ત્યારે વચ્ચે બે ઉકરડા આવે-ત્યાં બધું ગંદું નાખ્યું હોય. બપોરે બાપા આરામ કરવા જાય ત્યારે અમે ૨૫-૩૦ છોકરાઓ મંડી પડીએ. ઉકરડામાંથી છાણ ને બધું કાઢી, સાફ કરી બધું ખેતરમાં નાખી આવીએ. પછી આખા રસ્તે પાણી છાંટી દઈએ. અને ત્યાં બેસવા માટે કપડું પાથરી દઈએ અને ત્યાં સભા થાય.

બાપા સભા કરીને પાછા મંદિરે આવે પછી આરતી થાય. આરતીમાં અષ્ટક બોલાવીને પછી ઉકાળા-પાણી, પછી રાતની સભા. પછી 'પ્રથમ શ્રી હરિને રે, ચરણે શિશ નમાવું ; નૌતમ લીલા રે, નારાયણની ગાવું...' ચેષ્ટા ગાઈને પછી સૂઈ જવાનું. આમ, બાપાનો નિયમિત કાર્યક્રમ રહેતો. ઘડિયાળના કાંટે બાપાનું કામ ચાલતું. બાપા ઘડિયાળ નહોતા પહેરતા, પણ ટાઈમિંગ પરફેક્ટ હતો. આપણે ઘડિયાળ પહેરીએ છીએ પણ સમય પ્રમાણે થતું નથી.

૧૯૬૬માં જ્યારે મેં કાકાજીને પૂછ્યું કે, 'છાત્રાલયમાં રહેવું કે ના રહેવું ?' ત્યારે કાકાએ મને કહ્યું, 'તમે બાપાને મળો.' એટલે હું ગોંડલ ગયો. હું બપોરે ૧:૧૦ વાગ્યે ગોંડલ મંદિરે પહોંચ્યો હતો એટલે મને ખ્યાલ હતો કે બાપા સભામંડપમાં દર્શન દેશે. બાપા સભામંડપમાં બેઠા હતા. પછી બાપાએ બાલમુકુંદ સ્વામી-કોઠારી સ્વામીને બોલાવ્યા ને કહ્યું, 'જશુને જમાડી દો, હવે હું આરામમાં જઈશ, પછી સાડા ત્રણે મળીશ.' બાપા દોઢ વાગ્યે આરામમાં ગયા. સાડા ત્રણે મને તેઓની રૂમમાં અંદર બોલાવ્યો. ગુરુ ટાઈમિંગમાં નિયમિત હતા. એવી જ નિયમિતતા પપ્પાજીની હતી ! આપણા શાંતિભાઈ, અશ્વિનભાઈ, રતિકાકાની દિનચર્યા જુઓ તો તદ્દન નિયમિત ! વી.એસ. ને ડૉક્ટર પણ ટાઈમિંગના પરફેક્ટ ! સાચું પૂછો તો મારું બધું જ અનિયમિત રહ્યું છે, પણ યોગીબાપા અને સાથે સાથીદારોએ નભાવ્યો છે. ડિસિપ્લિન એ સાધુતાનો એક ગુણ છે. શિસ્ત, ટાઈમિંગમાં રહેવું, વિવેક-આ બધા સાધુના ગુણો છે. મહિમા હોય, માહાત્મ્ય હોય તો એવા સાધુના ગુણો ડેવલૉપ થાય.

ભગવાન ને ભગવાનના સંતને વિષે
વિશ્વાસ રાખે કે,
તેઓ મારા હિતકારી ને હેતકારી છે ; તો
એનો અવિવેક ટળી જાય અને
એવો જે છે એ
સત્સંગમાં મોટ્યપને પામે છે.





**આવી તક, આવો મોકો**
**આ જન્મે મળ્યો છે તો**
**નમી, ખમી, પ્રભુને ગમે એવા વિવેકથી,**
**ભગવાન ને ભગવાનના**
**ભક્તોનો મહિમા સમજી ભક્તિ કરો.**

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આ સત્સંગમાં જે વિવેકી છે તે તો દિવસે દિવસે પોતાને વિષે અવગુણને દેખે છે અને ભગવાન અને ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે.**

મહારાજ જે વિવેક કહે છે તે આધ્યાત્મિક વિવેકની વાત કરે છે. વ્યવહારમાં તો કોઈ આવે તો આવો, બેસો કહી આગતા-સ્વાગતા કરીએ, ખબર-અંતર પૂછીએ; એવો વિવેક તો હોય જ, પણ ભગવાનને રાજી કરવા માટે જે આધ્યાત્મિક વિવેક-એની મહારાજે વાત કરી કે, એ વિવેક જેને હોય તે તો દિવસે દિવસે, દરરોજ પોતાને વિષે પોતાની વિકનૅસ, અવગુણ દેખે અને ભગવાન અને ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે; આ વિવેક થયો ! આધ્યાત્મિક વિવેક જેને હોય એ પોતાનો દોષ જુએ અને ભક્તોના ગુણ જુએ. સામાન્ય રીતે જગતમાં લોકો પોતાના ગુણ જુએ. પોતે કેવા છે, પોતે કેવું સારું વર્તે છે, કેવું સારું બોલે છે, કેવું સરસ અપટુડેટ કામ કરે છે. અને એને લઈને સામાનો અવગુણ જુએ કે, એને કશું આવડતું નથી, એનું કશું ઠેકાણું નથી, બરકત વગરનો છે; એ આધ્યાત્મિક વિવેક ચૂક્યો કહેવાય. આધ્યાત્મિક વિવેક હોય તે પોતાનો દોષ જુએ ને સામાનો ગુણ જુએ.

**અને ભગવાન ને સાધુ પોતાના હિતને અર્થે કઠણ વચન કહે છે તેને પોતાનાં હિતકારી માને છે અને દુઃખ નથી લગાડતો, તે તો દિવસે દિવસે સત્સંગને વિષે મોટ્યપને પામે છે.**

અને પાછું બીજું આગળ કહે છે કે, ભગવાન અને સાધુ જે જે કઠણ વચન કહે, વઢે, ઠપકારે તેને પોતાનાં હિતકારી માને છે. કારણ કે, ભગવાન ને સાધુ મારા હિતકારી છે એટલે તેઓ મારા માટે જે કંઈ પણ કરે એ મારા હિતમાં જ છે એવું માને અને દુઃખ ના લગાડે.

ગોપાળાનંદ સ્વામીનું હેડક્વાર્ટર વડોદરા-વાડીમાં હતું. ઉમરેઠમાં ને કલાલીમાં એમણે અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો. ગુજરાતમાં-કાનમમાં ને વાકડમાં જે બધો સત્સંગ થયો, એ ગોપાળાનંદ સ્વામી ને સંતોનાં વિચરણને આભારી છે. અને ગોપાળાનંદ સ્વામીએ અદ્‌ભુત ઐશ્વર્ય-પ્રતાપનું દર્શન કરાવેલું. એક ભક્તરાજ રોજ સવારે મંદિરમાં સાફસૂફી કરે ને બધું વાળે, પણ બિચારાને ખાવા-પીવા, પરિવારનું ભરણપોષણ કરવા માટે આવક નહોતી, બહુ તકલીફ હતી. એનું નામ નાથાલાલ હતું, પણ બધા એને 'નાથિયો' કહીને બોલાવતા. ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી એ ખૂબ પૈસા કમાયો. વડોદરામાં થોડા પૈસાદારોમાં એની ગણતરી થવા માંડી. એટલે પછી 'નાથિયો'માંથી તે 'નાથાલાલ શેઠ' થઈ ગયા. કારોબાર વધ્યો એટલે મંદિરે આવવાનો સમય ના રહ્યો. એક વખત ગોપાળાનંદ સ્વામીએ એક હરિભક્તને પૂછ્યું, 'પેલો નાથિયો શું કરે છે ? દેખાતો કેમ નથી ?' પેલા હરિભક્તિને બે-ત્રણ દિવસ પછી નાથાલાલ મળ્યા હશે ત્યારે તેમને કહ્યું કે, 'નાથાલાલ, તમને સ્વામી યાદ કરતા હતા કે, પેલો નાથિયો દેખાતો કેમ નથી ? નાથિયો શું કરે છે ?' એટલે નાથાલાલ કહે, 'સ્વામીએ મને નાથિયો કહ્યો ? આખું ગામ મને નાથાલાલ કહે છે, સ્વામીમાં વિવેક છે કે નહીં ?' પેલા હરિભક્ત તો ઘા ખાઈ ગયા. જઈને સ્વામી આગળ બોલ્યા નહીં કે નાથિયો મળ્યો હતો. બે-ત્રણ દિવસ પછી ગોપાળાનંદ સ્વામીએ પેલા હરિભક્તને પૂછ્યું, 'પેલો નાથિયો મળ્યો હતો ?' ત્યારે કહે, 'સ્વામી મળ્યો હતો ને. મેં કહ્યું કે, સ્વામી પૂછતા હતા કે નાથિયો શું કરે છે ? દેખાતો કેમ નથી ?' ત્યારે સ્વામીએ એવું બોલ્યો કે, 'ગોપાળાનંદ સ્વામીમાં વિવેક નથી કે મને આવું બોલ્યા.' ત્યારે ગોપાળાનંદ સ્વામી માળા ફેરવતા હતા તે હાથમાંથી માળા પડી ગઈ અને આ બાજુ નાથાલાલનું ચક્કરડું ફર્યું. તેઓ રાજાના વાંકમાં આવ્યા એટલે રાજાએ તેમનું બધું જપ્ત કરી, જેલમાં નાખ્યા ને રોડ ઉપર મૂકી દીધા. એટલે બે-ત્રણ મહિનામાં તો 'નાથાલાલ' પાછા 'નાથિયો' થઈ ગયા. પછી વાડી મંદિરે આવી સ્વામીનાં દર્શન કર્યાં. સ્વામી કહે 'કોણ છે ?' ત્યારે કહે, 'બાપજી, નાથિયો.' સ્વામી કહે, 'તે વખતે જો તેં સ્વીકારી લીધું હોત કે, સ્વામીએ મને નાથિયો કહીને બોલાવ્યો ! સ્વામીએ મને સંભાર્યો તે મારું ભાગ્ય ખૂલી ગયું ! એવું જો બોલ્યો હોત તો તારી ચડતી કળા રહેત.' એટલે કહ્યું કે, મોટા પુરુષ ને સાધુ જ્યારે કંઈક કહે ત્યારે તેઓનાં કઠણ વચનને હિતકારી માને અને દુઃખ ના લગાડે. એવો વિવેક પ્રગતિ કરાવે છે.

એની સામે બીજી એક વાત છે. રાજા જતા હશે ત્યાં એક ડોશી રસ્તો વાળતી હતી. તે રાજાએ તેને 'એય ગધેડી આઘી જા' કહી રસ્તા ઉપરથી ખસેડી. તે પેલી તો સાવરણો નાખીને ઘરે ગઈ અને ઘરવાળાને કહે, 'આજથી હું રોટલા ટીપવાની નથી. આજે મને રાજાસાહેબે બોલાવી. રાજાસાહેબે મારી સામું જોયું.' ઘરવાળાએ પૂછ્યું કે, 'તને શું કહ્યું ?' ડોશી કહે, 'એય ગધેડી આઘી જા !' ઘરવાળો કહે, 'તને તો ગધેડી કહી.' ત્યારે ડોશી કહે, 'મને કોણે બોલાવી ? મને તો રાજાએ બોલાવી !' આ મહિમા કહેવાય ! આવો વિવેક હોય કે, 'મને મોટા પુરુષે યાદ કર્યો તો મારું ભાગ્ય ખૂલી ગયું ! એમ વિવેક હોય તો વઢે, ટોકે પણ મને પોતાનો માન્યો તો વઢ્યા ને ! મને કહ્યું ને ! એવું વિચારીને ખુશ થાય. આટલા બધામાં મને વઢ્યા એનો અર્થ કે, હું એમનો છું તો મને વઢવાનો એમને હક્ક છે. આ આધ્યાત્મિક વિવેક ! ઘણાનું તો મોઢું ચઢી જાય, એ મહિમાની કસર. એ કસર ટાળવા તો આપણે આવવું પડે છે.

**ભગવાન અને સાધુનાં વચન હિતકારી માને.**

આવા જે હોય એ મોટ્યપને પામે. ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થાય એટલે એનો પ્રકાશ વધે. પ્રકાશ વધે એટલે મોટ્યપ વધે, વધે ને વધે. મોટ્યપ મેળવી નથી મેળવાતી, માંગીને નથી લેવાતી પણ જીવીને મોટ્યપ મળતી હોય છે. બાકી, બાપાને તો બધા સામાન્ય સાધુ ગણતા કે, એમને કશું આવડતું નથી કે કંઈ સમજ પડતી નથી. પણ એમનું જીવન એવું હતું કે, સૌનાં હૃદયમાં પ્રભુ બિરાજી ગયા; એ મોટ્યપ !

**અને જે અવિવેકી છે તે તો જેમ જેમ સત્સંગ કરે છે અને સત્સંગની વાત સાંભળે છે તેમ તેમ પોતાને વિષે ગુણ પરઠે છે.**

પહેલાં વિવેકીની વાત કરી. પોતાનો દોષ જુએ, સર્વ ભક્તોના ગુણ જુએ. ભગવાન ને મોટા પુરુષ વઢે, છટકારે પણ એમનો ગુણ લે કે, મારા હિતકારી છે એટલે મને કહે છે અને તેથી ખુશ થાય ને એ પ્રમાણે સુધારો કરે તો દિવસે દિવસે મોટ્યપને પામતો જાય. અને હવે અવિવેકીની વાત કરી. અવિવેકી છે તે પોતાને વિશે ગુણ પરઠે છે. બેઉ સાથે જ સત્સંગ કરતા હોય, પણ વિવકી છે એ પોતાનો દોષ જુએ ને સામેનાનો ગુણ જુએ. અવિવેકી છે તે પોતે સારું વર્તે છે, નિયમિત છે, બધું સારું છે, એમ પોતાનો ગુણ જુએ અને જે બરોબર ના વર્ત્યા હોય તો એનો અવગુણ જુએ.

**અને ભગવાન ને સંત એનો દોષ દેખાડીને એની આગળ વાત કરે છે, તે વાતને માને કરીને અવળી લે છે.**

જેમ ગોપાળાનંદ સ્વામીએ પેલાને કહ્યું તો એણે માને કરીને અવળું લીધું ને ! 'ગોપાળાનંદ સ્વામીને વિવેક નથી' એવું ક્યારે કહ્યું ? તો જ્યારે એને એના માનનું ખંડન થયું એવું લાગ્યું ત્યારે.

**અને વાતના કરનારાનો અવગુણ લે છે, તે તો દિવસે દિવસે ઘટતો જાય છે અને સત્સંગમાં પ્રતિષ્ઠાહીન થઈ જાય છે માટે પોતાને વિષે જે ગુણનું માન તેનો ત્યાગ કરીને શૂરવીર થઈને ભગવાન અને ભગવાનના સંતને વિષે વિશ્વાસ રાખે તો એનો અવિવેક ટળી જાય છે અને સત્સંગમાં મોટ્યપને પામે છે.**

'શૂરવીર થઈને' એટલે લડવા માટે–ઝઘડવા માટે શૂરવીર થવાનું ? ના, પોતાનાં ઇન્દ્રિયો–અંતઃકરણને દબાવવા માટે શૂરવીર થવાનું. 'ખબરદાર! મારી સાથે ભક્તો કામ કરે છે, સેવા કરે છે એમની કોઈ બાબતમાં જો ખોડખાંપણ કાઢવામાં પડ્યો તો તારા ભૂક્કા કાઢી નાખીશ' એમ કહે. બાકી મોટા ભાગના તો બીજાને દબાવવા, આંખ કાઢીને ગભરાવવા એને જ શૂરવીરતા કહેતા હોય છે, પણ એ શૂરવીરતા ના કહેવાય. ઇન્દ્રિયો–અંતઃકરણ સામે વાપરીએ એ આધ્યાત્મિક શૂરવીરતા !

અને ગુણનું માન છોડો. હું સરસ લખું છું એટલે જે સારું ના લખે તેના વિશે ભાવફેર થાય. હું સારું વર્તું છું, એટલે જે સારું નથી વર્તતા તેને વિશે ભાવફેર થાય–એવું ગુણનું માન એ પણ દોષ છે. દોષ ભલે હોય, પણ જો એવું માને કે, મારાથી આ વર્તાતું નથી, પણ આ વર્તે છે તો એ કેટલા મોટા છે ! એવો જો વિવેક હોય તો એ દોષ ગુણ થઈ ગયો. ભક્તનો દોષ ગુણરૂપ જોવામાં વપરાય તો દોષ ગુણરૂપ છે. અને ભક્તનો ગુણ દોષરૂપ જોવામાં વપરાય તો એ ગુણ પણ દોષરૂપ છે.

> ભગવાનના ભક્તો ગમે તેવા હોય,
> વઢે-ટોકે, માને-ના માને, સારું કરે-ખોટું કરે
> એ જોવાનો તમારો અધિકાર નથી.
> તમારો અધિકાર એક જ છે
> એમને નિર્દોષ માનવાનો,
> એમનાં ગુણગાન ને મહિમા ગાવાનો !





**જેટલો મહિમા અંદરથી વધતો જશે એટલો નિર્દોષભાવ વધતો જશે. નિર્દોષભાવ વધતો જશે તો સેવામાં ઉત્સાહ, ઉમંગ, આનંદ વધતો જશે ને તો પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થતાં હળવાશ, હળવાશ, હળવાશ ને આનંદ રહેશે.**

**શૂરવીર થઈને ભગવાન અને ભગવાનના સંતને વિષે વિશ્વાસ રાખે તો એનો અવિવેક ટળી જાય છે અને સત્સંગમાં મોટ્યપને પામે છે.**

ભગવાન ને ભગવાનના સંતને વિષે વિશ્વાસ રાખે કે, તેઓ મારા હિતકારી ને હેતકારી છે; તો એનો અવિવેક ટળી જાય અને એવો જે છે એ સત્સંગમાં મોટ્યપને પામે છે. વચનામૃત ગઢડા પ્રથમનું છઠ્ઠું–'વિવેકી-અવિવેકીનું' અને ગઢડા પ્રથમનું સોળ–'વિવેકનું' વાંચવાની બાપાએ અમને આજ્ઞા આપી હતી. અમે ભણતા હતા ત્યારે તો એવા કોઈ પ્રૉબ્લેમ નહોતા. અને જે કંઈ પ્રૉબ્લેમ થાય એ સત્સંગી ના હોય એવા છોકરાઓ જોડે મારામારી ને તોફાન થાય એટલે એમાં કોઈ વાંધો નહોતો, પણ બાપાને અમને અક્ષરપુરુષોત્તમ છાત્રાલય નિમિત્તે બી.એ.પી.એસ. સંસ્થાના કામમાં જોડવા હતા. હવે ત્યાં તો ભક્તો સાથે કામ કરવાનું. એમના વિશે તમે ઉગ્ર થઈ જાવ, એમને વિશે તમે દોષ જુઓ તો તમારું કર્યું-કરાવ્યું નકામું થઈ જાય. એટલે બાપાએ છાત્રાલયનું કામ શરૂ કરતાં પહેલાં હૉસ્ટેલમાં મંદિર કરાવડાવ્યું. અમે હૉસ્ટેલની રૂમ નં. ૧૪માં મંદિર કર્યું. પ્રમુખ સ્વામીએ પહેલી આરતી ઉતારી. બાપાએ નિયમ આપ્યા–સવાર–સાંજ આરતી કરવી, સાંજે ભેગા થઈ 'વચનામૃત' વાંચી, નિયમ–ચેષ્ટા કરીને સૂઈ જવું અને ગઢડા પ્રથમનું ૧૬ વચનામૃત–'વિવેકનું' તો રોજ વાંચવાનું, હંમેશાં ગુણ જ જોવાના. એ જે કર્યું અને પછી છાત્રાલયના પાયા ખોદાવાનું કામ ચાલુ થયું. નહીં તો અમારા ભુક્કા નીકળી જાત. અમે બધા જુવાનિયા હતા, શક્તિશાળી, હોનહાર, બુદ્ધિશાળી, ઉત્સાહ, જોશવાળા હતા. એવા ઉત્સાહી ને જોશવાળા હોય તેઓ અથડાઈ પહેલાં જાય. બાપાએ અમને એ બ્રેક સેટ કરી આપી. વચનામૃત ગઢડા પ્રથમ ૧૬ એ બ્રેક છે. આધ્યાત્મિક ઉત્થાન માટે ગઢડા પ્રથમ ૧૬ ને ગઢડા પ્રથમ ૬ વચનામૃત – કે ગમે તે કરો પણ કોઈ પણ નિમિત્તે ભગવાન ને ભગવાનના ભક્તને વિશે ભાવફેર કરો છો એ દોષ છે, છે ને છે. એ તમારા માનનું, અહંકારનું, દેહભાવનું દર્શન છે. એટલે પહેલાં એમાંથી ઉગરો અને પછી ભજન-પ્રાર્થના કરો એટલે કોઈની સાથે અથડામણ ના થાય. અમારે પ્રસંગો બહુ બન્યા, પણ કોઈ જોડે અથડાયા નહીં, કામ કરવામાં અમને અડચણ ના આવી. ઘણા એવાય હોય કે એમની ઇચ્છા પ્રમાણે ના થાય તો કહે, 'લ્યો રહ્યું તમારું કામ, અમારે શું ? કરી લો તમારી જાતે.' તો એમાં ગેરફાયદો કોને થાય ?

અત્યારે સૂર્યને કહીએ કે, '૪૫ ડિગ્રીએ તડકો કેમ આપે છે ? ટાઢું પાડ નહીં તો સવારે ઊઠીશ નહિ. તો સૂર્ય કંઈ બંધ થવાનો છે ? એ તો એનું કામ ચાલુ જ રાખવાનો છે, પણ તમારું કામ જશે. એમ, ભક્તો સાથે ટકરાઈને તમે અલુપ્ત થઈ જશો. તમે કશું કરશો નહીં તો એમાં ગેરફાયદો ભક્તોને કે ભગવાનને કે પ્રવૃત્તિને નથી થવાનો, યાદ રાખો ! બહુ ધ્યાનથી સાંભળજો, મારા–તમારાથી ભગવાનનું કામ ચાલતું નથી, પણ ભગવાનનો સંકલ્પ, એમની ઇચ્છાએ કરીને બધું થાય છે. હું ને તમે નહીં હોઈએ તો ગમે એના દ્વારા તેઓ કામ કરવાના છે.

ડભાણમાં ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા આપવાની હતી, ત્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્પેશ્યલ યજ્ઞ કરેલો. પણ બ્રાહ્મણોને મહારાજના મહિમાની ખબર નહીં, એટલે બિચારા એ બધા બ્રાહ્મણો ભેગા થયા અને એમણે તો યજ્ઞની તૈયારી માટે આવેલા માણસો, સંતોને જોઈને વિચાર્યું કે, આ તો બહુ મોટો યજ્ઞ છે ને આપણે દક્ષિણા ઓછી લીધી છે. એટલે એ બ્રાહ્મણો કહે, 'દક્ષિણા નહીં વધારો તો અમે યજ્ઞ નહીં કરીએ.' બે દિવસ પછી યજ્ઞ કરવાનો હતો ને બધા બ્રાહ્મણો રિસાઈ ગયા. એમને એમ કે, આટલા બધા બ્રાહ્મણો હવે લાવશે ક્યાંથી ? મહારાજે પેલા બ્રાહ્મણોને બોલાવ્યા અને કહ્યું, 'અમે રાજીખુશીથી દક્ષિણા આપીશું, પણ માગણી કરશો તો નહીં આપીએ.' પણ બ્રાહ્મણો માન્યા નહીં. એટલે મહારાજે પંચમહાલ બાજુ જે સંતો વિચરણમાં જતા, તે સંતોને બોલાવ્યા.

તેમને કહ્યું, '૧૦૦ જુવાનિયા ભક્તોને બોલાવી લાવો.' તેમને પાંચ-પાંચની લાઇનમાં બેસાડ્યા. મહારાજે જળ મંગાવી તેઓ ઉપર જળ છાંટ્યું અને કહ્યું, 'ચાલો યજ્ઞનારાયણના શ્લોકો બોલો.' તો એ લોકો પેલા શ્લોકો બોલવા માંડ્યા. પેલા બ્રાહ્મણોને કહે, 'તમે નહીં કરો તો વાંધો નહીં અમારા આ બ્રાહ્મણો આવી ગયા. દરેકને અત્યારે જનોઈ પહેરાવી દઈશ.' પેલા બ્રાહ્મણોએ વિચાર્યું કે, આ તો આપણી બધી દક્ષિણા જશે. એટલે તેઓ કહે, 'અમે યજ્ઞ કરીશું.' મહારાજે પછી એમને દક્ષિણા વધારે આપી. પણ

મહારાજ કહે, 'અમારી શક્તિથી, અમારા સંકલ્પથી બધું થાય છે ને થવાનું છે.' મને-તમને નિમિત્ત બનાવવાની સેવા તેઓ આપે છે. એમાં જો વાંકા થઈએ, કામમાં અડચણ લાવીએ તો મહારાજ કહે, 'તમે ભૂલ ખાવ છો.' આવી તક, આવો મોકો આ જન્મે મળ્યો છે તો નમી, ખમી, પ્રભુને ગમે એવા વિવેકથી, ભગવાન ને ભગવાનના ભક્તોનો મહિમા સમજી ભક્તિ કરો.

અમે છાત્રાલયના કામમાં કોઈની સાથે ટકરાયા હોત, કામ મૂકી દીધું હોત તો અત્યારે ક્યાંય રખડતા હોત ! ખ્યાલ આવ્યો ? પણ, પ્રથમ-૧૬ વચનામૃત વંચાવીને બાપાએ અમારા પર કૃપા કરી. ભગવાનના ભક્તો ગમે તેવા હોય, વઢે-ટોકે, માને-ના માને, સારું કરે-ખોટું કરે એ જોવાનો તમારો અધિકાર નથી. તમારો અધિકાર એક જ છે એમને નિર્દોષ માનવાનો, એમનાં ગુણગાન ને મહિમા ગાવાનો ! અને તમને જે સેવા આપી હોય એ ધૂન, ભજન, પ્રાર્થનાનું બળ લઈને કર્યા કરો તો ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થશે. તો બધું કામ તો એમના સંકલ્પે થવાનું છે. મદદ પણ એમના સંકલ્પે આવીને મળવાની છે. તો તમે જુઓ આખી બી.એ.પી.એસ. સંસ્થાનું શૂન્યમાંથી સર્જન થયું ! આપણી સંસ્થાનું પણ શૂન્યમાંથી સર્જન થયું ! એમનો સંકલ્પ, આપણને એમાં સેવા મળી, આપણને એમનામાં લીધા, એમના સંકલ્પમાં આપણું સિલેકશન કર્યું એ એમની કૃપા કહેવાય !

હમણાં ક્રિકેટ મૅચમાં દીકરીઓ વર્લ્ડ કપ જીતી, તો વર્લ્ડ કપની ટીમમાં છે એ ૧૫ દીકરીઓ જોશમાં છેને ! આપણને એવો જોશ છે કે, યોગીજી મહારાજની ટીમમાં આપણે છીએ ! આપણું સિલેક્શન કોણે કર્યું ? આટલી છ અબજની વસ્તીમાંથી આપણે ભગવાનના કામમાં સિલેક્ટ થયા એ કેટલી મોટી વાત છે ! એવો મહિમા હોવો જોઈએ. એટલે મહારાજે 'વચનામૃત'માં કહ્યું, 'મહિમા નથી એટલે જીવમાં દુર્બળતા રહે છે.' દુર્બળતાને લીધે વિવેક ચૂકી જઈએ છીએ. આપણે અમહિમા, ભાવફેર ને માથાકૂટ તો ના કરતા હોઈએ, પણ એવા ડંબેલ્સ જેવાનું જોઈને પાછા આપણે કરવા લાગીએ છીએ, મૂર્ખામી કરીએ છીએ, માટે એમાં જાગ્રત રહો. જેટલો મહિમા અંદરથી વધતો જશે એટલો નિર્દોષભાવ વધતો જશે. નિર્દોષભાવ વધતો જશે તો સેવામાં ઉત્સાહ, ઉમંગ, આનંદ વધતો જશે ને તો પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થતાં હળવાશ, હળવાશ, હળવાશ ને આનંદ રહેશે. દોષ રહિત થવું નહીં પડે, દોષ રહિત થતા જઈશું. એ આ 'વચનામૃત'માં કહ્યું છે.

શરૂઆતના દિવસથી જ એવું રાખજો કે, આપણે ખંડાઈ જવું છે. કોઈ આપણને સારું કહે, કોઈ આપણા ગુણ ગાય એવું તો કરવું જ નથી, પણ હોમાઈ જવાનું. કોઈ વઢે-ટોકે, સારું કહે-ખોટું કહે પણ નાના છીએ તો ફાયદો એ છે કે ટોકણી ખમવાનો ટાઈમ મળશે. નાનાને બધા વઢે-નાનાને એટલો ફાયદો, ખ્યાલ આવ્યો ? નાના થવામાં બહુ ફાયદો, ગાદી ઉપર બેસવાનો ફાયદો નહીં. આ ગાદી ઉપર બેઠા પછી કહું છું. વિવેક આવશે તો મોટપ મળતી જશે, લેવી નહીં પડે એવું જીવવું છે. નાના સાધુઓએ એવી સાધુતા ખિલવવી છે. બાપાનો જે આદેશ છે કે, ભગવા હૃદયના સાધુ બનાવવા છે-એમાં પાયામાં વિવેક છે. જે જે વિવેક ચૂક્યા છે એ મૂંઝાયા છે અને દોષ રહિત થઈ ગયા નથી. પણ જેમણે વિવેક રાખ્યો છે એ સાધકો મૂંઝાયા નથી, એ સંતો મૂંઝાયા નથી, ગૃહસ્થો ને યુવાનો પણ મૂંઝાયા નથી.

આ પાયાનું 'વચનામૃત' છે. એટલે કહ્યું કે, આપણા રોજબરોજના જીવનમાં સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે. એના ઉપર આ વખતે 'બ્રહ્મનિર્ઝર' પત્રિકાના તંત્રીલેખમાં સારું લખ્યું છે. સંતોને મારી પ્રાર્થના કે, 'બ્રહ્મનિર્ઝર' પત્રિકા વાંચવી. સત્સંગ તો આપણું જીવન છે, ખોરાક છે. એના માટે તો આપણે જીવન સમર્પણ કર્યું છે. તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરતાં કરતાં ક્રિયા કરવાની ટેવ પાડવી, પ્રૅક્ટિસ કરવી તો આ બધાં 'વચનામૃત' એમ ને એમ સિદ્ધ થઈ જશે, યાદ રાખો ! સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરતાં કરતાં ક્રિયા કરવાની પ્રૅક્ટિસ કરીએ તો તમે જુઓ તો એમાં બીજો કંઈ દાખડો જ નથી. ખાવાની ના પાડી છે ? ઊંઘવાની ના પાડી ? કશે જવાની ના પાડી ? એવું કશું કહ્યું છે ? પણ જે કંઈ પણ ક્રિયા કરો એ ભજન કરતાં કરતાં કરો તો જે વખતે જે વિવેક રાખવાનો હોય, જે કરવાનું હોય તે કરવા માટે આપણને અંદરથી ભગવાન કન્ટ્રોલ કરશે. એવું ભજન કરવાનું સૌને બળ મળે એવી પ્રાર્થના !

> **બાપાનો જે આદેશ છે કે,**
> **ભગવા હૃદયના સાધુ બનાવવા છે -**
> **એમાં પાયામાં વિવેક છે.**
> **જે જે વિવેક ચૂક્યા છે એ મૂંઝાયા છે**
> **પણ જેમણે વિવેક રાખ્યો છે**
> **એ સાધકો મૂંઝાયા નથી.**





**સત્સંગ તો આપણું જીવન છે, ખોરાક છે. એના માટે તો આપણે જીવન સમર્પણ કર્યું છે. તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરતાં કરતાં ક્રિયા કરવાની ટેવ પાડવી.**

વાંચવાની ટેવ રાખવી. વાંચવાની ટેવથી મને બહુ ફાયદો થયો છે. સપ્ટેમ્બર-૨૦૨૫ના 'સ્વામિનારાયણ પ્રકાશ'ના અંકમાં યોગીજી મહારાજ પહેલી વખત ૧૯૬૯માં ઈંગ્લૅન્ડ ગયા ત્યારે પત્રકારોએ એમને પ્રશ્ન પૂછ્યા, 'એક તો, આ દેશમાં એવું શું છે કે, આપ અહીં આવ્યા ? તમે તો સંસાર છોડીને ફરનારા સાધુ છો તો ઈંગ્લૅન્ડ કેમ આવ્યા ? કશું જોવા ? કશું લેવા ?' તો બાપા કહે, 'અમારા શ્રી સ્વામિનારાયણ ભગવાન આ દેશમાં આવેલા તો તે તીર્થસ્થાનનાં દર્શન કરવા આવ્યા છીએ.' યોગીજી મહારાજ કેવા અકલ્પનીય પુરુષ હતા ! એ કહું છું. કોઈએ પૂછ્યું કે, 'શ્રી સ્વામિનારાયણ ભગવાન તો ગુજરાતમાં આવ્યા પછી ગુજરાતની બહાર ગયા નથી તો અહીં ક્યારે આવ્યા ?' ત્યારે કહે, 'તમારા સર માલ્કમ ગવર્નર હતા. એમણે સ્વામિનારાયણ ભગવાનનું રાજકોટમાં સ્વાગત કરેલું, દર્શન કરેલાં ને સ્વામિનારાયણ ભગવાનની પૂજા કરેલી. અને શ્રી સ્વામિનારાયણ ભગવાનનું વરદાન હતું કે, અમારા સંબંધમાં જે કોઈ આવે એને અંત સમયે અમે તેડવા આવીશું. તો તમારા સર માલ્કમ રિટાયર્ડ થઈને પછી ઈંગ્લૅન્ડ આવેલા ને તેમણે દેહ છોડ્યો ત્યારે મહારાજ એમને ઈંગ્લૅન્ડમાં લેવા આવેલા.' આવો કોઈ દિવસ આપણને વિચાર આવે ! પણ તેઓ એ વાત માને જ કે, મહારાજ તેઓને તેડવા ઈંગ્લૅન્ડ ગયા તે તીર્થસ્થાન થઈ ગયું ! પછી બીજો પ્રશ્ન પૂછ્યો કે, 'તમે કોઈ દિવસ મૂંઝાયા છો ? કોઈ દિવસ તમને મૂંઝવણ આવી છે ?' બાપા કહે, 'મૂંઝવણ કોણે જોઈ છે ?' આ પ્રસંગ પરથી પ.પૂ. યોગીબાપાની સાધુતાનું અદ્‌ભુત દર્શન કરાવતી જે વાતો પ.પૂ. મહંત સ્વામીજીએ અને પ.પૂ. ડૉક્ટર સ્વામીજીએ ભક્તો-સંતો સમક્ષ કરી હતી તેના પરથી સંતોએ બે લેખ તૈયાર કર્યા છે, જે 'સ્વામિનારાયણ પ્રકાશ'ના સપ્ટેમ્બર ૨૦૨૫ના અંકમાં છપાયા છે. આપણે સૌએ તે વાંચવા, વારંવાર વાંચવા જેવા છે. જેનાથી સાધુતા શું છે તે દર્શન થશે. એમાં લખ્યું છે કે, મૂંઝવણ શેનાથી આવે ? મૂંઝવણ આવવાનું કારણ માણસો નથી, સંપત્તિ નથી, વ્યવહાર નથી, કાંઈ નથી પણ માણસને મૂંઝવે છે એનું મન. અને તેઓના સમયમાં માણસો કેવા હતા ? પરિસ્થિતિ કેવી હતી ? સંજોગો કેવા હતા ? કેટલા બધા ભીડા હતા ? આ બધાંમાં યોગીજી મહારાજ મૂંઝાયા નથી. તેઓ મનથી પ્રભુમાં અખંડ રહેતા હતા.

માણસો કેવા હોય છે ? બાપા સોખડાથી વાસણા જતા હતા. સ્વામિનારાયણના સાધુને જોડમાં રહેવાનું હોય અને ચાલતા ચાલતા એક ફર્લાંગ જેટલું બે સાધુઓ વચ્ચે અંતર વધી જાય તો ઉપવાસ કરવાનો- આવો નિયમ. યોગીજી મહારાજ તો કથા-વાર્તા ને ધર્મ-નિયમમાં એકદમ કડક. પણ જોડના સ્વામીને થયું કે, આજે યોગીજી મહારાજને ઉપવાસ કરાવું. જોડે રહેનારા પણ કેવા હોય છે, વિચાર કરો ! યોગીજી મહારાજ સાથે ચાલતા ચાલતા તેઓ દોડ્યા ને અંતર વધી ગયું એટલે યોગીજી મહારાજે બીજા દિવસે ઉપવાસ કર્યો. કોઈએ પૂછ્યું તો કહે, 'અહોહો એમણે મારા ઉપર કૃપા કરી તો ઉપવાસ કરવાની તક મળી.' કોઈ માણસ ગમે એવું વર્તે પણ એનો ભાવફેર કરે તો મૂંઝાયને ! બાપા ભાવફેરમાં પડે જ નહીં. આવા બધા માણસો બાપાને મળ્યા એના પ્રસંગો એ લેખમાં લખ્યા છે.

અને તે સમયે કેવી ભયંકર પરિસ્થિતિ હતી ! એવી પરિસ્થિતિ કે, શાસ્ત્રીજી મહારાજ આણંદ રૅલવે સ્ટેશને ટ્રેઈનની રાહ જોતાં બાંકડે બેઠા હતા ને કોઈએ ભજિયાં ખાઈને પડીકાનો ડૂચો કરી નાખી દીધો. તે ડૂચો શાસ્ત્રીજી મહારાજે ઊભા થઈને લીધો ને એમાંથી દોરો કાઢીને વીંટી લીધો. તે જોઈ કોઈએ શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું કે, 'સ્વામી, કેમ તમે આવું કર્યું ?' ત્યારે કહે, 'આ દોરો સંતોનાં ધોતિયાં સાંધવામાં કામ લાગશે.'- વિચાર કરો, પરિસ્થિતિ કેવી હશે ? એવી પરિસ્થિતિમાં યોગીજી મહારાજ જીવ્યા, પણ મૂંઝાયા નથી. ચીજ-વસ્તુ-પદાર્થ બધાંની જ ખામી. કોઈ વસ્તુ જ ના મળે. જવાનું ઠેકાણું નહીં, જમવાનું ઠેકાણું નહીં. ચાલ ચાલ ચાલ, ભીડા ભીડા ભીડા ને કામ કામ કામ; પણ કોઈ પરિસ્થિતિએ એમને મૂંઝવ્યા નથી. ગમે તે હોય પણ શાસ્ત્રીજી મહારાજ રાજી થાય છે ને બસ, એ ખુમારી ! કોઈ પરિસ્થિતિમાં તેઓ મૂંઝાયા નહીં. મૂંઝવે છે મન. અને બાપાનું મન તો સદા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ને ઈષ્ટદેવ શ્રીજી મહારાજમાં રત હતું. ભજન કરતાં કરતાં મન એમનામય થઈ જાય તો, જગતની કોઈ વ્યક્તિ, શક્તિ, પદાર્થ મૂંઝવણ કરાવવામાં શક્તિમાન થશે નહીં. એવા આપણને સૌને બનાવવા છે. 'સ્વામિનારાયણ પ્રકાશ'ના એ આર્ટિકલ્સ વાંચવા જેવા સરસ છે, વાંચજો બધાં.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆